ગુરુકુલ દર્શન

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ પ્રાર્થના મંદિરમાં બિરાજમાન
શ્રી ઘનશ્યામ મહારાજના રજત જયંતી મહોત્સવ પ્રસંગે કોટિ કોટિ વંદન...

સહજાનંદમ્માં બિરાજમાન ઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે અભિષેક તથા અન્નકૂટનાં દર્શન, શરદપૂર્ણિમા- SGVP

કાળી ચૌદશના રોજ યોજાયેલ ધન્વન્તરી યજ્ઞ, SGVP તથા દિપાવલી મહોત્સવ પ્રસંગે શ્રીહરિ તથા સદ્‌ગુરુઓનું દિવ્ય સાંનિધ્ય, અમદાવાદ

સત્સંગિજીવનની કથા દરમિયાન હિંડોળા ઉત્સવ, SGVP

ઘનશ્યામ મહારાજનાં સાંનિધ્યમાં હાટડીનાં દર્શન, રીબડા ગુરુકુલ

દિપાવલી મહોત્સવ પ્રસંગે અન્નકૂટના દર્શન, સવાનાહ ગુરુકુલ

પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલની શ્રદ્ધાંજલિ સભા, અમદાવાદ

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક
પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

ગુરુકુલ દર્શન

ભગવાન શ્રી સ્વામિનારાયણ

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૧૨, નવેમ્બર-ડિસેમ્બર : ૨૦૨૦, અંક : ૧૧-૧૨

પ્રકાશક તથા માલિક : પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨
તંત્રી : પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

છૂટક અંક : રૂા. ૫/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૫ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

SwaminarayanGurukul
GurukulParivar
www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

પીવત પ્રેમ પિયાલા...

પીવત પ્રેમ પિયાલા અવધૂત,
પીવત પ્રેમ પિયાલા;
ચકનાચૂર રહત નિત છા કે,
મગન ગગન મતવાલા...
કુંડી જ્ઞાન ધ્યાન કા ઘોંટા,
વિરહ વૈરાગ્ય કી બૂટી;
સત્ય સ્વરૂપી ડાર મસાલા,
ગુરુ ગમ સે કરી ઘૂંટી...
ત્યાગ ભાગ કા અંચલા લીના,
સત બિચાર કરી છાણી;
પુલકિત ગાત ભયે સમ પીવત,
સુરત પ્રગટ ઠેરાણી..
શારદ નારદ શેષ ભવાની,
શિવ સનકાદિ સમસ્તા;
કર મનુવાર પરસ્પર પાવત,
ધામ ધામ અલમસ્તા...
એ બિજ્યા પુનિ ચઢી ન ઊતરે,
દિન પ્રતિ કેફ અનંતા;
બ્રહ્માનંદ મિલી એહી રંચક,
મેહેર કરી જબ સંતા...

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામીની સેવાપ્રવૃત્તિનું સદાવ્રત

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, અમદાવાદ

- પાર્ષદ શામજી ભગત

ભગવાન અને સંતપુરુષો માટે સમગ્ર ભૂમિ પોતીકી હોય છે. મહાપુરુષો વિચરણ કરીને પ્રદેશ-ક્ષેત્રમાં સત્સંગનાં બીજનું વાવેતર કરે છે, જતન કરે છે અને ફળ સ્વરૂપે અનેક મુમુક્ષુ જીવોને ભગવાનનાં ચરણે સમર્પિત કરે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે તેમ 'આ જીવને જ્યારે પૃથ્વી ઉપર મનુષ્યનો જન્મ મળે છે, ત્યારે ભગવાન અથવા ભગવાનના સત્પુરુષો જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય છે. જીવને જો તેનો યોગ થાય, તો એ જીવ ભગવાનનો ભક્ત થાય છે.'

ભગવાન શ્રી સ્વામિનારાયણ અને તત્કાલીન નંદ પરમહંસોએ સમગ્ર ગુજરાતની ભૂમિ ઉપરાંત મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન સહિત ભારતના અનેક પ્રદેશોમાં સત્સંગનો પ્રચાર-પ્રસાર કર્યો હતો. પ્રગટ ભગવાન શ્રીસ્વામિનારાયણના સર્વજીવહિતાવહ સંદેશાઓ લઈને સંતો નાનામાં નાના માણસ સુધી પહોંચ્યા હતા અને અનેક સત્પ્રવૃત્તિઓનો વિસ્તાર કર્યો હતો.

સત્સંગ અને સત્પ્રવૃત્તિમાં આચાર્યશ્રીઓ, સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જેવા હજારો સંતો જોડાયા. જૂનાગઢના જોગી અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી તથા એમના અનુગામી સંતો સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી, સદ્‌ગુરુ ધર્મસ્વરૂપદાસજી સ્વામી, સદ્‌ગુરુ ગોપીનાથદાસજી સ્વામી વગેરે પરમહંસોએ જીવનપર્યંત અનેક જીવોને કલ્યાણના માર્ગે વાળ્યા અને કલ્યાણમય અનેક સેવાપ્રવૃત્તિઓનો રાજમાર્ગ કંડાર્યો.

શિખર ઉપર કળશ ચઢે એમ ગરવી ગુણાતીત સંત પરંપરામાં ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ સમગ્ર સંપ્રદાયને એક નવો જ રાહ ચીંધ્યો. પોતાની આગવી સૂઝ અને અંતઃકરણની શુદ્ધ ભાવનાથી સ્વામીએ ગુરુકુલની સ્થાપના કરી. વૈદિક ગુરુકુલ પરંપરાનો પુનઃઉત્થાન કરી આધુનિક યુગને શોભે એવી ગુરુકુલ સંસ્કૃતિનો ધર્મધ્વજ લહેરાવ્યો. ગુરુકુલનાં માધ્યમથી સ્વામીએ સત્સંગ, સંસ્કાર અને સદ્‌વિદ્યાના સદાવ્રતનો આરંભ કર્યો.

ભગવાન શ્રીહરિના સર્વજીવહિતાવહ સિદ્ધાંતોને અનુસરીને સદ્‌વિદ્યા પ્રવર્તન કરવું એ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનાં જીવનનું મુખ્ય કાર્ય હતું. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે પોતાનાં અંતરકરણમાં ઊઠેલા સેવાકાર્યોને સાકારિત કરવા ગુરુકુલને ઉત્તમ માધ્યમ બનાવ્યું.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે પોતાના જીવનકાળ દરમિયાન સદ્‌વિદ્યા પ્રવર્તન માટે ત્રણ મહાનગરોમાં ગુરુકુલોનું સર્જન કરેલું. સૌપ્રથમ ભારતની આઝાદીના ઉદ્‌ગમ સમયે ઈ. સ. ૧૯૪૮માં રાજકોટ ખાતે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલની સ્થાપના કરી. ત્યારબાદ ઈ. સ. ૧૯૬૫માં જૂનાગઢમાં અને ઈ. સ. ૧૯૭૬માં અમદાવાદ ખાતે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલની સ્થાપના થઈ.

ગુરુકુલ એટલે માત્ર મંદિર નહીં, પરંતુ સત્સંગના સંસ્કારોનું સિંચન કરવાનું એક એવું મંદિર કે જ્યાં વિદ્યા સાથે સદ્‌વિદ્યાના પિયુષ પવાતાં હોય. અહીં વિદ્યાર્થીઓ, યુવાનો અને હરિભક્તો આવી પોતાનો સર્વાંગીણ વિકાસ સાધે. સર્વજનહિતાય-સર્વજનસુખાય ચાલતી સેવાપ્રવૃત્તિઓ રૂપી યજ્ઞમાં તન-મન-ધનથી સમર્પિત થઈ આહૂતિઓ અર્પે અને ભગવાને આપેલા મનુષ્ય દેહને સાર્થક કરે.

ભગવાન શ્રીહરિની

સેવા-ભક્તિ અને સંતોના સહવાસમાં આવવાથી ગુરુકુલમાં અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થીઓના જીવન સંસ્કારયુક્ત બન્યા. રાજકોટ અને જૂનાગઢ ગુરુકુલમાં વિદ્યાર્થીઓ દસ ધોરણ સુધીનો વિદ્યાભ્યાસ પ્રાપ્ત કરી ઉચ્ચ અભ્યાસ માટે અન્ય શાળા-કોલેજમાં પ્રવેશ મેળવતા. ત્યારે તેમને ગુરુકુલમાં પ્રાપ્ત કરેલા સંસ્કારો જાળવી રાખવામાં ખૂબ જ મુશ્કેલીઓ પડતી. એ અનુસંધાનમાં કેટલાક સમજુ હરિભક્તો તથા વિદ્યાર્થીઓ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજને વારંવાર વિનંતી કરતા અને આ પ્રશ્નનું સમાધાન લાવવા કોઈ ઉપાય શોધવાનું કહેતા. પરિણામસ્વરૂપ અમદાવાદના કેટલાક હરિભક્તોએ સ્વામીને કૉલેજના વિદ્યાર્થીઓના અભ્યાસ માટે અમદાવાદમાં ગુરુકુલની સ્થાપના કરવા માટે પ્રાર્થના કરી.

એ સમયે ગુરુદેવની ઉંમર ૭૫ વર્ષની હતી. શરીરે પણ સારું રહેતું નહોતું. માટે સ્વામી સંસ્થાઓનો વિકાસ કરવાનો કોઈ વિચાર ધરાવતા નહોતા. ત્યારે સ્વામીના કૃપાપાત્ર કેટલાક હરિભક્તોએ સ્વયં પુરુષાર્થ કરીને અમદાવાદમાં ગુરુકુલ માટે ભૂમિ સંપાદન કરવાની સેવા હાથ ધરી.

શ્રી રામુભાઈ ઠક્કર, શ્રી ગંગારામભાઈ ઠક્કર વગેરે સંનિષ્ઠ સેવાભાવી હરિભક્તોએ કમર કસીને ગુરુકુલ માટે જમીન સંપાદનનો પુરુષાર્થ આદર્યો. એવામાં તત્કાલીન સરકારના કૃષિ મંત્રીશ્રી કેશુભાઈ પટેલનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો અને જમીન સંપાદનનું કાર્ય સરળ બન્યું.

ભગવાન શ્રીહરિ તથા સંતોના આશીર્વાદથી હરિભક્તોની મહેનત ફળી. જમીનસંપાદન કાર્ય પૂર્ણ થયું. અમદાવાદમાં મેમનગર વિસ્તારમાં ગુરુકુલ માટે જમીન પ્રાપ્ત થઈ.

અમદાવાદ ગુરુકુલનો પ્રારંભ

શ્રીહરિની કૃપાથી એ અરસામાં ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ લાંબી બીમારીમાંથી સ્વસ્થ થયા. સ્વામી અમદાવાદ પધાર્યા. હરિભક્તોએ જમીન બતાવી અને ગુરુકુલ નિર્માણ માટે આગ્રહ કરવા લાગ્યા. અંતે શ્રીજી મહારાજની મરજી જાણીને, હરિભક્તોના આગ્રહને વશ થઈને ગુરુદેવે અમદાવાદમાં મેમનગર વિસ્તારમાં ગુરુકુલ સ્થાપનાનો સંકલ્પ કર્યો. આમ, અમદાવાદ મહાનગરમાં સદ્‌વિદ્યાના પ્રવર્તનનો સેવાયજ્ઞ શરૂ થયો.

આજથી ૪૫ વર્ષ પહેલા અમદાવાદમાં ગુરુકુલની સ્થાપના કરવી એ ઘણું કપરું કાર્ય હતું. હિમાલયના શિખરો જેવા પડકારો ગુરુદેવને ઓળંગવાના હતા. સંસ્થાની આર્થિક સ્થિતિ સદ્ધર નહોતી. વ્યવસ્થા, સાધન-સામગ્રીનો અભાવ હતો. સાંપ્રદાયિક રૂઢિચુસ્તતાનો પડકાર ખૂબ મોટો હતો. આવા કપરા સમયમાં અને પ્રતિકૂળ શહેરમાં નવી કેડી કંડારવી એ લોઢાના ચણા ચાવવા જેવું મુશ્કેલ હતું.

ગુરુકુલનો પ્રારંભ કરતા પહેલા સ્થાન સંભાળે એવા કુશળ સાધુની જરૂર પડે. અનેક પડકારોનો ઠંડા કલેજે ઉકેલ લાવે, સાથે સાથે સાંપ્રદાયિક સુહૃદભાવ જાળવી રાખે અને સદ્‌વિદ્યા પ્રવર્તનનું કાર્ય સરળ રહે એવા કોઈ સમજદાર સાધુ આ સ્થાનમાં હોય, તો જ બધી સાનુકૂળતા રહે. એ સમયે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ પાસે ઝાઝા સાધુઓ પણ નહોતા. અંતે સ્વામીની કૃપાદૃષ્ટિ પચીસ-છવ્વીસ વર્ષના યુવાન સાધુ ઉપર પડી. ગુરુદેવની નજરમાં આવનારા એ સંત એટલે સેવાનિષ્ઠ અને કર્મનિષ્ઠ પરમ પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી.

સાધુતા, સરળતા, નિર્માનતા, વ્યવહારકુશળતા જેવા અનેક સદ્‌ગુણોથી શોભતા ઊંચી સમજણવાળા યુવાન સંત સાધુ બાલકૃષ્ણદાસજી સ્વામીએ ગુરુદેવની આજ્ઞાથી આ સેવાકાર્ય અત્યંત ઉત્સાહથી ઉપાડી લીધું. ગુરુદેવની આજ્ઞાનું પાલન કરવામાં, નૂતન ગુરુકુલના નિર્માણનાં આ સેવાકાર્યમાં સાધુજીવનની આકરી કસોટી હતી. તપ-ત્યાગ અને સહનશીલતાની આરાધના હતી. અંદર-બહારની ઉપાધિઓ સહન કરવાની આ દીર્ઘકાલીન તપસ્યા હતી.

ભગવાન શ્રીહરિની કૃપા અને ગુરુદેવની અમીદૃષ્ટિ નીચે પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ ખૂબ જ ધીરજ અને ખંતથી આ સેવાકાર્યની ધુરા પોતાના ખભે ઉપાડી લીધી. યુવાન સંતની કાર્યદક્ષતાને લીધે ટૂંકા જ સમયગાળામાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, મેમનગર-અમદાવાદની સુવાસ ચોમેર પ્રસરી ઊઠી.

પોતાના શિષ્યની કાર્યક્ષમતા, કાર્યકુશળતા અને ગુરુનિષ્ઠાને જોઈ ગુરુદેવ અવારનવાર સત્સંગ સભાઓમાં પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી ઉપર રાજીપો વરસાવતા. પરમ પૂજ્ય પુરાણી સ્વામી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી પૂજ્ય બાલસ્વામીને મીઠા, મધુરા, માયાળુ સંત કહીને સંબોધતા.

પૂજ્ય બાલકૃષ્ણ સ્વામીનું સતત હસતું મુખ અને માયાળુ સ્વભાવ સૌને સ્પર્શી જતો. નાના-મોટા, ત્યાગી-ગૃહી દરેક બાલકૃષ્ણ સ્વામીનું સામીપ્ય ઝંખતા. 'સૌનું ખમે અને અને સૌને સાચવે તેનું નામ સંત' એવી વ્યાખ્યા બાલસ્વામીએ ચરિતાર્થ કરી બતાવી. પરાયાને પણ પોતીકા બનાવી લીધા.

પ્રારંભના સમયમાં ગુરુકુલના મકાનો ખૂબ નાનાં હતાં. સંતો-વિદ્યાર્થીઓ સાથે જ રહેતા. ગુરૂદેવ શાસ્ત્રીજી મહારાજ અવારનવાર અમદાવાદ પધારતા રહેતા. સંતોનો સેવા-પરિશ્રમ અને યુવાન કૉલેજિયન વિદ્યાર્થીઓના સંસ્કારો જોઈને રાજી થઈ જતા. સાધુઆશ્રમમાં જ વિદ્યાર્થીઓ સેવા-પૂજા, ધૂન-ભજન-કિર્તન, સત્સંગ કરતા. સભામંડપ હવે ઘણો નાનો પાડતો હતો. તેથી ગુરુદેવે મોટા પ્રાર્થનાહોલ નિર્માણનો આરંભ કરાવ્યો.

પ્રાર્થના ભવનનાં નિર્માણ કાર્ય સાથે અનેક પ્રકારના વિઘ્નો અને ઉપાધીઓ આવ્યા. ગુરૂદેવ શાસ્ત્રીજી મહારાજ, પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી તથા આગેવાન હરિભક્તોએ ખૂબ ધીરજ રાખી આવેલાં વિઘ્નો શમાવ્યા. કેટલાય લોકોને અકારણ સહન કર્યા. અંતે શ્રીહરિની કૃપાથી નૂતન પ્રાર્થના ભવન નિર્માણ પામ્યું. પ્રાર્થના ભવનમાં ભગવાન શ્રીહરિનો પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. મહાવિષ્ણુયાગ, કથાપારાયણ જેવા વિવિધ આયોજનો થયાં. આ મહોત્સવમાં આશીર્વાદ આપવા અમદાવાદ દેશના પરમ પૂજ્ય ધર્મધુરંધર ૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ પધાર્યા અને રાજીપા સાથે ગુરૂદેવ શાસ્ત્રીજી મહારાજની ગુરુકુલ પ્રવૃત્તિને હૃદયથી બિરદાવી.

ગુરૂદેવ શાસ્ત્રીજી મહારાજનાં અંતરમાં નૂતન પ્રાર્થનાભવનને અનુરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનાં બાલસ્વરૂપની આરસની મૂર્તિ પધરાવવાનો સંકલ્પ હતો, પરંતુ કેટલીક ઉપાધિઓને કારણે એ શક્ય ન બન્યું. છેવટે સ્વામીએ ચિત્ર-પ્રતિમા પધરાવી સંતોષ માન્યો.

વર્ષો વીત્યાં. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ અક્ષરવાસી થયા બાદ ગુરુદેવનો સંકલ્પ પૂજ્ય બાલકૃષ્ણ સ્વામીનાં હૃદયમાં જાગૃત હતો. પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી તથા સંતોએ શ્રીઘનશ્યામ મહારાજને પ્રાર્થના ભવનમાં બિરાજમાન કરવાનો સંકલ્પ પૂજ્ય જોગી સ્વામીને જણાવ્યો. પૂજ્યપાદ્ જોગીસ્વામીએ રાજીપા સાથે સંકલ્પને વધાવ્યો અને ઘનશ્યામ મહારાજને પ્રાર્થનાભવનમાં પધરાવવાની સંમતિ આપી. આમ ગુરુદેવનો સંકલ્પ જોગી સ્વામી દ્વારા સાકારિત થયો અને ઈ.સ. ૧૯૯૫, માગશર સુદ ચતુર્થી, વચનામૃત જયંતીના પરમ પવિત્ર દિવસે વૈદિક વિધિ-વિધાનો સાથે શ્રીઘનશ્યામ મહારાજ પ્રાર્થનાભવનમાં બિરાજમાન થયા.



જૂનું પ્રાર્થના મંદિર, અમદાવાદ ગુરુકુલ

'વચનામૃત' ગ્રંથ ભગવાન શ્રી સ્વામિનારાયણનું વાંગ્મય સ્વરૂપ છે, જ્યારે શ્રી ઘનશ્યામ મહારાજ એ ભગવાન શ્રીહરિનું અર્ચાસ્વરૂપ છે. આ બન્ને સ્વરૂપની આરાધના-ઉપાસના અને સાક્ષાત્કારનો દિવસ એટલે વચનામૃત પ્રાગટ્ય દિન અને શ્રી ઘનશ્યામ મહારાજનો પ્રાણપ્રતિષ્ઠા દિવસ. એમાં પણ આ વર્ષે એટલે કે સંવત ૨૦૭૭ માગશર સુદિ ચતુર્થીએ વચનામૃત જયંતીના ૨૦૧ વર્ષ પૂર્ણ થયા અને પ્રાર્થના ભવનમાં બિરાજમાન ઘનશ્યામ મહારાજના પ્રતિષ્ઠા મહોત્સવના ૨૫ વર્ષ પૂર્ણ થયાં. આ નિમિત્તે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે શ્રી ઘનશ્યામ મહારાજનો રજત જયંતી મહોત્સવ તારીખ ૧૮થી ૨૦ ડિસેમ્બર-૨૦૨૦ દરમિયાન ખૂબ ધામધૂમથી ઉજવાયો.

કોરોના મહામારીનો વિપરિત સમય ચાલતો હોવા છતાં સંતો તથા સ્વયંસેવકોએ પૂર્ણ અનુશાસનનું પાલન કરીને વિવિધ આયોજનો યુક્ત આ મહોત્સવને સત્સંગ-ભજન અને ભક્તિસભર ઉજવ્યો.

નયનરમ્ય શ્રી ઘનશ્યામ મહારાજ

પ્રાર્થના ભવનમાં બિરાજિત શ્રી ઘનશ્યામ મહારાજ ખૂબ પ્રતાપી છે. ભાવિક ભક્તોના ભાવ પૂર્ણ કરે છે. ત્યારે એ ઘનશ્યામ મહારાજનો કેટલોક વિશેષ મહિમા સમજીએ.

પ્રેમી સંતોના પ્યારા આ ઘનશ્યામ મહારાજનો ઇતિહાસ ગુરુકુલના ઇતિહાસ સાથે જોડાયેલો છે. ગુરૂદેવ શાસ્ત્રીજી મહારાજનાં અંતરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનાં બાળસ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજ પ્રત્યે સ્વભાવિક પ્રેમભક્તિ રહ્યા કરતી. સ્વામીએ ગુરુકુલનાં માધ્યમથી સંતો, વિદ્યાર્થીઓ અને હરિભક્તોના હૃદયમાં ભગવાનનાં સ્વરૂપની પ્રતિષ્ઠા કરવા ગુરુકુલમાં પ્રાર્થના મંદિર નિર્માણ કરેલાં. આ પ્રાર્થના મંદિરોમાં સ્વામીએ ચિત્રપ્રતિમાઓ પધરાવેલી. જ્યારે જ્યારે ગુરૂકુલમાં આચાર્ય મહારાજશ્રીની પધરામણી થતી, ત્યારે સત્સંગની મૂળ પરંપરા પ્રમાણે મહારાજશ્રીના હસ્તે પ્રતિમાઓનું પૂજન-આરતી કરાવીને પ્રતિષ્ઠા કરાવેલી.

પૂજ્ય સ્વામી ભગવાનનું વિશેષ ધ્યાન-ભજન થાય, જીવનસુધારણા થાય, અધ્યાત્મ માર્ગે આગળ વધાય, એ માટે વિવિધ આયોજનો કરતા જ રહેતા હતા. મહત્ત્વની વાત એ છે કે સ્વામીના પ્રત્યેક આયોજનમાં કંઈક ને કંઈક વિશિષ્ટતા, વૈવિધ્ય અને નવીનતા રહેતા અને એમાં સ્વામીની અનોખી દૃષ્ટિનાં દર્શન થતાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણ જન્મ દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે આવા જ એક અનોખા આધ્યાત્મિક આયોજને ઉત્સવની દિવ્યતામાં વધારો કર્યો હતો. ગુરુકુલના વિશાળ ચોકમાં યજ્ઞશાળાની બાજુમાં સ્વામીએ ઊંચો મંચ કરાવી સુંદર હરિમંડપ રચાવ્યો હતો. હરિમંડપમાં ઘનશ્યામ મહારાજને પધરાવવામાં આવ્યા હતા. રોજ વહેલી સવારે સૂર્યોદય પહેલા સ્વામી પ્રત્યક્ષ ભાવે વેદોના મંત્રોના ગાન સાથે ઘનશ્યામ મહારાજનું ષોડશોપચાર પૂજન કરતા અને પંચામૃતની વિવિધ સામગ્રી તેમજ કેસર જળથી આ રમણીય મૂર્તિનો અભિષેક કરતા. પ્રાતઃકાળમાં આ અભિષેકવિધિથી ગુરુકુલનું સમગ્ર

વાતાવરણ અત્યંત દિવ્ય અને સોહામણું લાગતું.

ગુરુકુલના વિશાળ ચોકમાં હજારો હરિભક્તો હાથમાં માળા લઈને બેસતા, વેદમંત્રોના ગાનનું શ્રવણ કરતા, અભિષેકના દર્શન કરતાં અને ધન્ય બનતા. અભિષેકનું આ દિવ્ય દર્શન ભક્તોના દિલમાં કાયમ માટે કોતરાઈ જતું.

આ ઉપરાંત રાજકોટ ગુરુકુલમાં યોજાતા મહોત્સવ પ્રસંગોએ આ ઘનશ્યામ મહારાજ ખાસ શણગાર સાથે દર્શન આપતાં. વિવિધ જપયજ્ઞો તથા મહોત્સવ પ્રસંગોએ ગુરૂદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ઘનશ્યામ મહારાજનો અભિષેક કરતા. એ જ રીતે બ્રહ્મસત્ર જેવા આધ્યાત્મિક કાર્યક્રમોમાં પણ આ ઘનશ્યામ મહારાજનાં દર્શન થતાં. આમ ગુરૂદેવ શાસ્ત્રીજી મહારાજે આ બાલસ્વરુપ ઘનશ્યામ મહારાજનું ઉપાસન-સેવન-પૂજન અને આરાધન ખૂબ કરેલ

સ્વામીએ કોઈ ગૂઢ સંકલ્પ સાથે દીર્ઘદૃષ્ટિથી જાત દેખરેખમાં શ્રીઘનશ્યામ મહારાજની આરસની આ સુંદર મૂર્તિ તૈયાર કરાવી હતી. સ્વામીના અનન્ય સેવક ગોંડલ નિવાસી અમૃતલાલભાઈ માડ આ મૂર્તિના યજમાન હતા. મૂળ તો આ મૂર્તિ ગોંડલના નાની બજારના શ્રીસ્વામિનારાયણ મંદિરમાં પધરાવવાની હતી, પણ કેટલાંક કારણોવશાત્ એ શક્ય બન્યું ન હતું. સ્વામીએ અમદાવાદ ગુરુકુલમાં પ્રાર્થના હોલ બનાવ્યો ત્યારે સ્વામીના મનમાં આ મૂર્તિ એ હોલમાં પધરાવવાનો સંકલ્પ હતો. પરંતુ પ્રાર્થના હોલના વિવાદને લીધે સ્વામીએ એ સંકલ્પ પણ મુલતવી રાખ્યો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણના મૂળભૂત સિદ્ધાંતો સચવાય એવા આશય સાથે સ્વામીએ તિતિક્ષાવૃત્તિ ધારણ કરીને પોતાનું સેવાકાર્ય ચાલુ રાખ્યું. પરિણામે સંતો, વિદ્યાર્થીઓ, હરિભક્તોના જીવન સંસ્કારી થયા અને સંપ્રદાયની શોભા વધી. પ્રાર્થનાહોલમાં ચિત્રપ્રતિમાઓ પધરાવીને ગુરુકુલની સત્પ્રવૃત્તિ આગળ વધતી જ રહી. અમદાવાદ દેશના સત્સંગ સમાજમાં પણ આ સદ્‌વિદ્યાની પ્રવૃત્તિઓએ અનેક લોકોને કલ્યાણના માર્ગે દોર્યા અને સમગ્ર સત્સંગનો રાજીપો મેળવ્યો.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ ઈ.સ. ૧૯૮૮, ૫ ફેબ્રુઆરીના રોજ અક્ષરવાસી થયા. સ્વામીના આ સદાવ્રતની, સદ્‌વિદ્યા પ્રવર્તનની સર્વજીવહિતાવહ પ્રવૃત્તિઓને તેમના શિષ્ય સંતોએ આગળ ધપાવી.

તપ વિના સિદ્ધિ થતી નથી એ ન્યાયે મેમનગર ગુરુકુલની ધરતી વિરહાતુર હૈયે ઘનશ્યામ મહારાજની રાહ જોઈ રહી હતી.

પરમ પૂજ્ય ગુરૂવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી વગેરે સંતો 'ગુરુકુલમાં આરસની મૂર્તિ બિરાજમાન કરવી' એ ગુરુદેવના સંકલ્પને ધારણ કરી રહ્યા હતા. એ અરસામાં ઈ.સ. ૧૯૯૫માં શ્રીસ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) સંસ્થાના ખાતમુહૂર્તનો પ્રસંગ યોજાયો. આ નિમિત્તે અમદાવાદમાં 'જનમંગલ મહોત્સવ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માગશર સુદિ ચતુર્થી, વચનામૃત જયંતિના મંગલ દિવસે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગરના પ્રાર્થના ભવનમાં પૂજ્યપાદ્ અખંડ ભગવદ્‌પરાયણ જોગીસ્વામીના આશીર્વાદ સાથે ચિત્ર પ્રતિમાની જગ્યાએ શ્રીઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા કરવામાં આવી.

આખરે ઉનાળાના ધોમધખતા તાપ પછી અષાઢી મેઘ વરસે એમ ઘનશ્યામ વરસ્યા હતા અને મેમનગર ગુરુકુલમાં પધાર્યા હતા. સ્વામીના અક્ષરવાસ બાદ પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામીએ ગુરુદેવનો મુલતવી રહેલો સંકલ્પ પૂર્ણ કર્યો હતો.

ભગવાનની અવતાર ધરવાની રીત જેમ અલૌકિક છે એ જ રીતે અર્ચા સ્વરૂપમાં બિરાજમાન ભગવાન શ્રી હરિની પ્રાણપ્રતિષ્ઠા ક્યાં, ક્યારે અને કેવી રીતે થશે ? એ પણ સ્વયં ભગવાન જ નક્કી કરતા હોય છે. ભગવાનના સંતો-ભક્તો શુભ સંકલ્પ કરે, ભક્તિસભર મનોરથ કરે અને એવા મનોરથ ભગવાન શ્રીહરિ પૂર્ણ કરતા હોય છે.

ગુરૂદેવ શાસ્ત્રીજી મહારાજનો ઘનશ્યામ મહારાજની મૂર્તિ પધરાવવાનો જે સંકલ્પ હતો, એ સંકલ્પ આજથી ૨૫ વર્ષ પહેલા એમના શિષ્ય સંતોએ પૂર્ણ કર્યો. આજે શ્રી ઘનશ્યામ મહારાજ પ્રાર્થનાભવનમાં બિરાજમાન થઈને સૌ પ્રેમી ભક્તોને સુખ આપે છે તથા ભાવિક ભક્તોના મનોરથ પૂર્ણ કરે છે.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના સાંનિધ્યમાં નિર્માણ પામેલ પ્રાર્થના ભવન કાળક્રમે જીર્ણ થતાં ઈ.સ. ૨૦૦૯માં નૂતન ભવ્ય પ્રાર્થના ભવનનું નિર્માણ થયું હતું. જેમાં પૂજ્યપાદ્ જોગી સ્વામીના હસ્તે શ્રી ઘનશ્યામ મહારાજની પુનઃપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આજે ઘનશ્યામ મહારાજની સાથે સાથે નરનારાયણદેવ, લક્ષ્મીનારાયણ દેવ, જગન્નાથ ભગવાન, રાધાકૃષ્ણદેવ વગેરે સનાતન ધર્મના મુખ્ય તીર્થોના અધિષ્ઠાતાઓ દર્શન આપી રહ્યાં છે.

શ્રી ઘનશ્યામ મહારાજનું ભવ્ય અને દિવ્ય

રાજોપચાર પૂજન

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી કીર્તનમાં લખે છે કે...

મુક્તાનંદ કહે હરિ, હરિજનની ગતિ છે ન્યારી;
તેને દેહદર્શી દેખે પોતા જેવા સંસારી.....

ભગવાન પુરુષોત્તમનારાયણ તો રાજાધિરાજ છે. તેમની આગળ અનંતકોટિ બ્રહ્માંડોની કોઈ ગણતરી નથી. તે પરમાત્માના પ્રાણપ્રિય એવા સંતો જ્યારે જીવોના કલ્યાણને અર્થે શુભ મનોરથ કરે છે ત્યારે ભગવાન પણ ભક્ત આધીન થઈને એમના મનોરથો પૂર્ણ કરતા હોય છે. અવતાર રૂપે કે અર્ચા સ્વરૂપે સંતના હૃદયમાં તેમજ મંદિરમાં બિરાજમાન થઈને નૂતન તીર્થો નિર્માણ કરતાં હોય છે.

ભગવાન શ્રીહરિનું એક નામ અજન્મા છે, એટલે જે કોઈ એક સર્વાવતારી પુરુષોત્તમ નારાયણ છે, તેમની કોઈ જન્મતિથિ ન હોય; છતાં પોતાના પ્રિય ભક્તજનોને લાડ લડાવવા માટે ભગવાન શ્રીહરિ સ્વયં ભક્તિ-ધર્મના ઘરે છપૈયાપુરમાં સંવત ૧૮૩૭ ચૈત્ર શુક્લ નવમીની રાત્રે પ્રગટ થયા. તેથી શ્રી ઘનશ્યામ મહારાજનો પ્રાગટ્ય મહોત્સવ દર વર્ષે ખૂબ જ આનંદ ઉત્સાહ અને ધામધૂમથી સમગ્ર સત્સંગમાં ઉજવાય છે. ઉપરાંત શતાનંદ સ્વામીએ જનમંગલ સ્તોત્રમાં ભગવાનનું 'ૐ ભક્તિધર્માત્મજાય નમઃ' એવું નામાભિધાન કર્યું છે.

રામજન્મોત્સવ અને શ્રીહરિજન્મોત્સવ બન્ને મહોત્સવ ચૈત્ર સુદિ નવમીના રોજ એક જ દિવસે વર્ષોવર્ષ ઉજવાય છે. આ ઉપરાંત ભગવાન શ્રીસ્વામિનારાયણના ઉપાસકો, આરાધકો, સંતો દર મહિને શુક્લ પક્ષની નવમી તિથિને 'હરિ નવમી' તરીકે મનાવી ઉપવાસ કે ફલાહાર કરે છે અને શ્રીઘનશ્યામ મહારાજનો પ્રાગટ્ય મહોત્સવ ઉજવે છે.

દર મહિનાની સુદિ નવમી એટલે કે 'હરિ જયંતી'ના રોજ અમદાવાદ ગુરુકુલમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજનનું રાજોપચાર પૂજન ખૂબ ભક્તિભાવ સાથે કરવામાં આવે છે. સાથે સાથે શ્રી નીલકંઠવર્ણીરાજનો દૂધથી અભિષેક કરવા ભક્તો દૂર દૂરથી પધારે છે. ભવ્ય રાજોપચાર પૂજાવિધિ તથા દિવ્ય અભિષેકનો અલૌકિક લાભ લઈ ગુરુકુલ પરિવારના ભક્તજનો ધન્યધન્ય થઈ રહ્યા છે.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP)માં આજથી વીસ વર્ષ પહેલા દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયની સ્થાપના થઈ. આ મહાવિદ્યાલયમાં સંતો તથા ઋષિકુમારોને સંસ્કૃત શાસ્ત્રોનો અભ્યાસ કરાવવા માટે દક્ષિણ ભારતના પંડિતો સર્વશ્રી

સૌમ્યનારાયણજી, શ્રી લક્ષ્મીનારાયણજી તેમજ વિદ્વાન અને ભક્ત પંડિત રામપ્રિયજી સહિત ચારેય વેદના પંડિતો ગુરુકુલમાં પધાર્યા. એ પંડિતો દ્વારા થતા વિવિધ યજ્ઞ-અનુષ્ઠાનમાં રાજોપચાર પૂજાવિધિના સૌને સૌપ્રથમ દર્શન થયાં. તેમાં પણ અખંડ ભગવદ્ પરાયણ પૂજ્ય જોગીસ્વામીના ૧૦૮ વર્ષ પ્રસંગે યોજાયેલ 'સદ્‌ગુરુ વંદના મહોત્સવ' પ્રસંગે SGVPમાં બિરાજમાન ભગવાન શ્રીરામ, શ્યામ તથા ઘનશ્યામ મહારાજના રાજોપચાર પૂજા વિધિના સૌને દર્શન થયાં. એ સમયે પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના હૃદયમાં સંકલ્પ થયો, કે આવી રાજોપચાર પૂજાવિધિ આપણા સત્સંગના મંદિરોમાં બિરાજતા શ્રીજી પ્રતિષ્ઠિત દેવોની થવી જોઈએ. સાથેસાથે આ પૂજાપદ્ધતિનો સમગ્ર સત્સંગમાં અને ધર્મજગતમાં પણ ખૂબ પ્રસાર થાય તો અનેક ભાવિક ભક્તજનોને દિવ્ય અલૌકિક લાભ મળતો રહે.

પૂજ્ય સ્વામીજીના આ શુભ સંકલ્પને વધાવી લઈને SGVP સંસ્થામાં પ્રસંગોપાત રાજોપચાર પૂજાવિધિના દર્શન થવાં લાગ્યાં. ઉપરાંત પાટોત્સવ તથા મહોત્સવ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગરમાં પણ શ્રી ઘનશ્યામ મહારાજનો રાજોપચાર પૂજાવિધિ થવા લાગ્યો.

વૈદિક મંત્રો સાંભળવા માત્રથી અંતરમાં આધ્યાત્મિક સ્પંદનો જાગે છે, પૂજ્ય રામપ્રિયજી વગેરે પંડિતો અને ઋષિકુમારો જ્યારે ઘેરા કંઠે વૈદિક મંત્રોચ્ચાર સાથે ભગવાન શ્રીહરિને વિવિધ સેવાઓ સમર્પિત કરાવતા હોય, ત્યારે મંદિરમાં જાણે અક્ષરધામ જેવું દિવ્ય વાતાવરણ ખડું થતું હોય છે. એ દિવ્ય દર્શન કરી દર્શનાર્થીઓ ભાવવિભોર બની ભક્તિરસમાં તરબોળ થાય છે.

ગુરુકુલમાં યોજાતા આ રાજોપચાર પૂજનની સુવાસ સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયમાં પ્રસરી. પછી તો આ પ્રકારની સેવાપૂજા શ્રીજી સ્થાપિત મંદિરોમાં બિરાજતા દેવો સમક્ષ થવા લાગી.

આ દિવ્ય ક્ષણોને નિત્ય નિરંતર ભક્તિભાવસભર રીતે પ્રગટ રાખવા માટે પૂજ્ય બાલકૃષ્ણસ્વામીએ દર મહિને શ્રીહરિ જયંતિના મંગલ દિવસે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગરમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજની રાજોપચારપૂજા વિધિવત રીતે થાય એવો સંકલ્પ કરીને આ ભક્તિપરંપરાનો પ્રારંભ કર્યો. આ દિવ્ય સંકલ્પમાં સંસ્થાના સૌ સંતો, યુવાન હરિભક્તો, પંડિતો, ઋષિકુમારો ખૂબ ઉત્સાહથી જોડાયા. જેથી શ્રી ઘનશ્યામ મહારાજનાં દિવ્ય વિગ્રહમાં નિત્ય નિરંતર દિવ્યભાવ અને ભક્તિભાવનો વધતો પ્રકાશ સૌને અનુભવાવા લાગ્યો.

સંસ્થાના સંતોના આયોજન મુજબ અનેક ભાવિક હરિભક્તો રાજોપચારપૂજાના કાયમી યજમાન તરીકે દર મહિને લાભ લેવા લાગ્યા. પૂજ્ય કોઠારી મુક્તસ્વરૂપદાસજીનાં માર્ગદર્શન મુજબ દર મહિને જુદા જુદા વિસ્તારના હરિભક્તો, યુવક મંડળના સભ્યો, સંસ્થામાં સેવા આપતા સેવકો વગેરેને પણ આ રાજોપચાર પૂજાનો લાભ મળવા લાગ્યો.

શાસ્ત્રોક્ત વિધાન પ્રમાણે પૂજારીના ભક્તિભાવ, પવિત્રતા અને શાસ્ત્રીય વિધિ મુજબ થતી સેવાનો જ્યારે પ્રતિષ્ઠિત મૂર્તિમાં આવિર્ભાવ થાય છે, ત્યારે ભક્તજનોના મનોરથ પણ પૂર્ણ થવા લાગે છે. દિન-પ્રતિદિન પ્રતિષ્ઠિત સ્વરૂપમાં દિવ્ય ભાવ વધતો રહે છે. એ રીતે આપણાં બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજ નિત્ય-નિરંતર રમણીય, લાવણ્યસભર અને સૌના ઉપાસ્ય બની ગયા.

આ વચનામૃત પ્રાગટ્યદિને આપણાં ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠાને ૨૫ વર્ષ પૂર્ણ થયાં છે, ત્યારે ઘણા ઘણા પ્રસંગોએ ભક્તજનોના મનોરથ પૂર્ણ કરનારા શ્રી ઘનશ્યામ મહારાજની કૃપાપૂર્ણ ગાથાઓ યાદ આવી જાય છે.

અભિષેક વિધિનો દિવ્ય લાભ

અક્ષરધામમાં અક્ષરમુક્તો ભગવાન શ્રીહરિની અખંડ સેવા કરે છે. આ મુક્તો દ્વારા થતી સેવા દિવ્ય અને અલૌકિક હોય છે. દેહભાવથી મુક્ત થયા વિના એ દિવ્ય-અલૌકિક સેવાનો લાભ મળી શકતો નથી. ભગવાન શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરતાં કરતાં મુક્તો ભગવાનનાં સ્વરૂપમાં લીન થઈ જાય છે, કોઈક મુક્તો ભગવાનના શણગાર બની જાય છે, કોઈક મુક્ત ભગવાનની ચાખડી બનીને કે ભગવાનના મુકુટ બનીને - સેવામય સ્વરૂપ ધારણ કરીને મૂર્તિનો અખંડ આનંદ માણે છે.

શ્વેતદ્વીપમાં પણ નિરન્નમુક્તો ભગવાન વાસુદેવનારાયણની મૂર્તિનું ધ્યાન, પૂજન, અર્ચન, વંદનમાં અખંડ પરોવાયેલા રહે છે. બદ્રિકાશ્રમના મુક્તો

તપ કરતાં કરતાં ભગવાનનાં ધ્યાનમાં તલ્લીન રહે છે. આમ વિવિધ ધામોમાં થતી ભગવાન અને ભગવાનના ભક્તોની દિવ્ય અલૌકિક પૂજા-પરંપરાને પૃથ્વીલોક ઉપર પણ સંતો-ભક્તો દ્વારા જીવંત રાખવામાં આવી છે.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની પ્રાતઃપૂજા, યજ્ઞ-અનુષ્ઠાનાદિના વિધિ-વિધાન, ઘનશ્યામ મહારાજનો અભિષેક આદિક ક્રિયાઓમાં પારલૌકિક ભક્તિભાવનાં દર્શન થતાં. ગુરુદેવની એ પરંપરા આજે ગુરુકુલોમાં સચવાઈ રહી છે. ખાસ કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણની અહૈતુકી કૃપાને કારણે ગુરૂદેવ શાસ્ત્રીજી મહારાજ દ્વારા પૂજાયેલા ઘનશ્યામ મહારાજ આજે આપણને સહુને અમદાવાદ ગુરુકુલમાં દર્શન આપી રહ્યા છે. દર મહિનાની સુદિ નવમી 'હરિજયંતી'ના રોજ એ ઘનશ્યામ મહારાજનું રાજોપચાર પૂજન તથા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે અભિષેકનાં દર્શન ભાવિક ભક્તોની ભક્તિની વૃદ્ધિ કરાવનારા હોય છે. ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી ભક્તિભીનાં હૃદયે જે રીતે ઘનશ્યામ મહારાજનો અભિષેક કરતા હોય છે, તે ખૂબ જ દર્શનીય અને નિત્ય સ્મરણીય રહે છે.

પૂજ્ય સ્વામીજી દ્વારા થતો અભિષેકવિધિ એક જ્ઞાની ભક્તના હૃદયનો ભક્તિભાવ છે. વૈદિક વિધિ કરાવનાર વિપ્રો જ્યારે ભગવાન શ્રીહરિનાં સ્વરૂપમાં અંગન્યાસ, કરન્યાસ જેવા શાસ્ત્રીય વિધિ કરાવીને શ્રી ઘનશ્યામ મહારાજના અભિષેકનો આરંભ કરે છે, ત્યારે સેવા-પૂજા કરવાની શ્રદ્ધા અને ઉત્સાહ જે રીતે સેવકમાં હોવા જોઈએ એવા સેવકભાવ સાથે પૂજ્ય સ્વામીજી શ્રીહરિનાં સ્વરૂપ સાથે ભક્તિભાવથી જોડાઈ જાય છે. એ સમયે સ્વામીજી જાણે પ્રત્યક્ષ પરમાત્માની પૂજા-સેવા કરતા હોય એવાં દિવ્ય દર્શન સૌને થાય છે. શ્રી ઘનશ્યામ મહારાજનો અભિષેકવિધિ પૂર્ણ થયા પછી પૂજ્ય સ્વામીજી પ્રતિદિન માનસી પૂજામાં શ્રીહરિને કેમ લાડ લડાવવા? કેવી રીતે અભિષેક આદિ કરવું? વગેરેની ખૂબ સરસ રીત સમજાવતા હોય છે અને શીખવતા હોય છે.

આપણા ઉપાસ્ય શ્રી ઘનશ્યામ મહારાજની ઉપાસના-પૂજા-ભજન-સાધના વગેરે નિત્ય-નિરંતર ચાલતા રહેવા જોઈએ, એ સાધક તરીકે, શ્રીજીમહારાજના આશ્રિત તરીકે આપણો મુખ્ય ધર્મ છે- કર્તવ્ય છે.

રાજોપચાર પૂજાવિધિ હોય, ષોડશોપચાર પૂજાવિધિ હોય કે પાટોત્સવ હોય, ત્યારે જે રીતે ભગવાનની સેવાવિધિનાં દર્શન થયાં હોય તેને અંતરમાં દરરોજ ધારવાં જોઈએ અને માનસી પૂજામાં તેમજ સવાર-સાંજના નિત્યક્રમમાં સંભારવા જોઈએ.

જ્યારે આપણે ભગવાન શ્રીહરિનાં સ્વરૂપનો કેસર-ચંદન યુક્ત જળથી અભિષેક કરાવીએ ત્યારે એ તીર્થજળને શ્રીજી મહારાજનાં મસ્તક ઉપરથી વહેતું નીરખવું, સાથે સાથે ભગવાનની મૂર્તિના તિલ-ચિહ્નો નીરખવા, શિખાથી ચરણારવિંદ સુધી સમગ્ર મૂર્તિનું ધ્યાન કરીને હૃદયમાં મૂર્તિનું સ્થાપન કરવું. આવું નિત્ય ધ્યાન કરવાથી ધીરેધીરે ઉપાસક તરીકેના, એકાંતિક ધર્મના સદ્‌ગુણો ખીલવા લાગે છે. માટે સ્વામીજીએ પ્રબોધેલો આ પ્રયોગ દરેક ભક્તજનોએ અવશ્ય કરવો જોઈએ.

પૂજ્ય સ્વામીજી સમજાવે છે, કે દરેક આશ્રિત શ્રીજી મહારાજનો સેવક છે, પૂજારી છે. માટે સદાય દાસભાવે રહીને ભગવાન અને ભગવાનના ભક્તની સેવા કરવી. અંતરમાં એક ઉપાસ્ય ઈષ્ટદેવની માનસીપૂજા અને બહાર ઠાકોરજીની પ્રત્યક્ષ પૂજા કરીને જીવનને ધન્યતાનો અનુભવ કરાવવો. જે જે ભક્તો પૂજ્ય સ્વામીજીની આ પ્રેરણાથી આ પ્રયોગને અનુસરે છે, તેમને દિવ્યાનુભૂતિ થવાના અનેક દાખલાઓ છે.



પૂજ્ય પુરાણી સ્વામીના વ્હાલા શ્રી ઘનશ્યામ મહારાજ

શ્રી ઘનશ્યામ મહારાજ ભગવાનનાં દિવ્ય દર્શન અને દિવ્ય અનુભવો વારંવાર પ્રાપ્ત કરી ચૂકેલા પરમ પૂજ્ય પુરાણી સ્વામી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી આપણી વચ્ચે જ પોતાના અનુભવો નિખાલસભાવે વારંવાર રજૂ કરતા હોય છે.

પૂજ્ય પુરાણી સ્વામી વારંવાર કહે છે તેમ 'આ ઘનશ્યામ મહારાજ પ્રગટ છે, પ્રત્યક્ષ છે અને આપણી સાથે વાતો કરે છે. આપણી પ્રાર્થના સાંભળે છે, આપણી સાથે બોલે છે અને આપણા મનોરથો સફળ કરે છે.'

અહીં સંતો-વિદ્યાર્થીઓ-હરિભક્તો જે જે પ્રાર્થના કરે છે, તે પ્રાર્થનાને અનુરૂપ આ ઘનશ્યામ મહારાજ તેમને ફળ આપે છે. સકામભાવે કરેલી પ્રાર્થના ફળે છે અને નિષ્કામભાવે કરેલી પ્રાર્થના પણ ફળે છે.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ પણ જીવોનાં કલ્યાણ માટે આ ઘનશ્યામ મહારાજ આગળ હંમેશા સેવક ભાવે પ્રાર્થના કરતા રહેતા. એ જ રીતે પૂજ્યપાદ્ અખંડ ભગવદ્ પરાયણ જોગીસ્વામી પણ આ મૂર્તિની સામે જોઈને દુખિયા જીવોના દુઃખો દૂર કરવા માટે પ્રાર્થના કરતા રહ્યા.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ અક્ષરવાસી થયા પછી આપણા સૌ સંતોને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સદ્વિદ્યા પ્રવર્તન અને સર્વજીવહિતાવહ પ્રવૃત્તિઓને વિસ્તારવાનો સંકલ્પ થયો તેના પ્રેરક આ ઘનશ્યામ મહારાજ જ છે.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર ક્ષેત્રફળની દૃષ્ટિએ નાનું દેખાય છે, પરંતુ અહીંના સંતોએ, ઉત્સાહી યુવાન હરિભક્તોએ અને સદાય સેવામાં તત્પર એવા વિદ્યાર્થીઓએ SGVP સંસ્થાના નિર્માણકાર્યમાં તન-મન-ધનથી જે સેવાઓ કરેલી છે, તે આ ઘનશ્યામ મહારાજના કૃપાપૂર્ણ આશીર્વાદથી થયેલી છે.

બાહ્ય રીતે આ પ્રવૃત્તિઓ લૌકિક પ્રવૃત્તિઓ જેવી દેખાય, પરંતુ આ પ્રવૃત્તિઓ પાછળ જીવોનાં કલ્યાણ કરવાની દિવ્યભાવના સમાયેલી છે. માટે આ સેવાપ્રવૃત્તિ કે સંસ્થાઓના વ્યવહારો જગતની સ્વાર્થથી ભરેલી પ્રવૃત્તિ કે વ્યવહાર નથી, પરંતુ ભગવદ્ સંબંધી-ભગવદ્ભાવે યુક્ત પ્રવૃત્તિ હોવાથી નિર્દોષ અને નિર્ગુણ પ્રવૃત્તિઓ છે. આ સેવા પ્રવૃત્તિઓનું કેન્દ્ર અક્ષરધામમાં બિરાજતા શ્રી ઘનશ્યામ મહારાજ છે. માટે જ સર્વ સંતો-ભક્તોએ સદાય દિવ્ય ભાવ રાખીને આ ઘનશ્યામ મહારાજ આગળ વારંવાર દીનભાવે પ્રાર્થના કરવી, કે ક્યારેય અમને સેવાનું અભિમાન ન આવે અને અમે સૌના રાજીપાના પાત્ર બની રહીએ.

આ પ્રાર્થના ભવનમાં શ્રી ઘનશ્યામ મહારાજનાં ચરણોમાં બેસીને પરમ પૂજ્ય સદ્ગુરુ પુરાણી શ્રી હરિસ્વરુપદાસજી સ્વામીએ સત્સંગ-કથાવાર્તાનો અખંડ યજ્ઞ ચલાવ્યો છે. યુવાનો સમક્ષ પૂજ્ય સ્વામીજીએ અનેક વિષયો ઉપર સત્સંગપ્રેરક કથાઓ કરેલી છે. તે કથાઓ આ ઘનશ્યામ મહારાજે શ્રવણ કરીને આશીર્વાદ પાઠવ્યા છે, કે આ જગતમાં કાયમ માટે આ કથાવાર્તા દ્વારા જીવોનાં કલ્યાણ થતા રહેશે.

માત્ર કથાવાર્તાથી જ નહીં, પરંતુ પૂજ્ય હરિસ્વરૂપદાસજી સ્વામી વર્ષો સુધી આ ઘનશ્યામ મહારાજની નિજ સેવા ભારે ભક્તિભાવથી ભાવે કરીને કરેલી છે અને આજે પણ નિત્ય કરી રહ્યા છે.

સાથે સાથે અનેક સંતો તથા વિદ્યાર્થીઓ અને હરિભક્તોને પણ આ ઘનશ્યામ મહારાજની સેવા કરતાં કરતા ખૂબ પ્રેરણા પ્રાપ્ત થઈ છે. આ ઘનશ્યામ મહારાજની સેવા જે સંતોએ કરીએ એ તમામ પૂજારી સંતો ધન્યભાગી થયેલા છે. જેમાં પુજારી કેશવજીવનદાસજી સ્વામી, પુજારી અક્ષરવલ્લભદાસજી સ્વામી, પુજારી નારાયણચરણદાસજી સ્વામી અને પુજારી દિવ્યપ્રકાશદાસજી સ્વામી, પાર્ષદ દીપક ભગત વગેરે સંતો સહિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગરના અનેક વિદ્યાર્થીઓને આ ઘનશ્યામ મહારાજની સેવાનો લાભ મળેલો છે.

પચીશ વર્ષથી જે ઘનશ્યામ મહારાજે અનેક ભક્તોના સંકલ્પો પૂર્ણ કર્યા છે, અનેકના દુઃખ દૂર કર્યાં છે, અનેક મુમુક્ષુઓને દિવ્યાનુભૂતિ કરાવી છે, એ ઘનશ્યામ મહારાજના રજત જયંતી મહોત્સવ પ્રસંગે એમનાં ચરણોમાં કોટિ કોટિ વંદન...

શ્રી ઘનશ્યામ મહારાજનો

રજત જયંતી મહોત્સવ

માગશર સુદિ ચતુર્થી એટલે વચનામૃત પ્રાગટ્ય દિન અને શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ - એમ બેવડા આનંદ સાથે છેલ્લા પચીસ વર્ષથી આ મહોત્સવ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદમાં ઉજવાય છે. વચનામૃત ગ્રંથનાં પ્રાગટ્યના બસો વર્ષ પૂર્ણ થઈ રહ્યા હતા અને શ્રી ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠાના પચીસ વર્ષ પૂર્ણ થતા પરમ પૂજ્ય ગુરુવર્ય સ્વામીજીની અધ્યક્ષતામાં તારીખ ૧૮થી ૨૦ ડિસેમ્બર-૨૦૨૦ દરમિયાન 'રજત જયંતી' મહોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાયો.

૨૫ કલાક ધૂન, જળયાત્રા, મહાભિષેક, અન્નકૂટ, વચનામૃત મહાપૂજન, વ્યાખ્યાનમાળા જેવા દિવ્ય-ભવ્ય આયોજનો સાથે ઉજવાયેલ આ મહોત્સવ ખૂબ જ ભક્તિભાવપૂર્ણ રહ્યો. સાંપ્રત સમયને સાનુકૂળ થઈ સંતો તથા સ્વયંસેવકોએ પૂર્ણ સાવચેતી રાખી તમામ આયોજનો કર્યા હતાં.

૨૫ કલાક ધૂન : મહોત્સવ નિમિત્તે ૨૫ કલાકની ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. મહોત્સવ પ્રારંભ થયા પહેલા દસેક દિવસથી નિત્ય સંતો, વિદ્યાર્થીઓ તથા ભક્તજનો ધૂનમાં જોડાઈને મહોત્સવ નિર્વિઘ્ન પૂર્ણ થાય એવી પ્રાર્થના સાથે મહામંત્રની ધૂન કરી રહ્યા હતા. જેની પૂર્ણાહુતિ ૨૦ ડિસેમ્બરના રોજ કરવામાં આવી હતી.

જળયાત્રા : તા. ૧૭ના રોજ સાંયકાળે શ્રી ઘનશ્યામ મહારાજના અભિષેક માટે એકત્રિત તીર્થજળની જળયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. SGVP ગુરુકુથી સુશોભિત જળરથમાં તીર્થજળના ઘડા પધરાવી સંતો-ભક્તો વાજતે-ગાજતે મેમનગર ગુરુકુલ પધાર્યા હતા. અહીં રથમાં બિરાજમાન ભગવાન શ્રીહરિ તથા તીર્થજળનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. પુષ્પપાંખડી તથા રંગબેરંગી મોતીઓથી તીર્થજળના વધામણા થયાં હતાં.

મહાભિષેક : SGVP ગુરુકુલ તથા અન્ય સંસ્થાઓમાં પૂર્ણ વૈદિક પરંપરાથી થતા મહાભિષેકનાં દર્શન અલૌકિક હોય છે. તીર્થજળ, ઔષધિઓનો રસ, ફળોનો રસ, ધાન્ય રસ, કેસરજળ, ચંદન, પુષ્પ પાંખડીઓ વગેરે દ્વારા થતા અભિષેકનાં દર્શન કરી ભક્તો ભાવવિભોર થાય છે. આજના અભિષેકની વિશિષ્ટતા એ હતી કે ઘનશ્યામ મહારાજના અભિષેકમાં ૧૨૫ તીર્થોના જળનો સમાવેશ થતો હતો. જેમાં માનસરોવરથી માંડી રામેશ્વર તથા ગંગોત્રીથી સોમનાથ સુધીના તીર્થો જળ સ્વરૂપે ઘનશ્યામ મહારાજનો અભિષેક કરવા પધાર્યા હતા. જેમાં પુલહાશ્રમ, બદરિનાથ, કેદારનાથ, ઋષિકેષ, હરિદ્વાર, અયોધ્યા, છપૈયા, ત્રિવેણી સંગમ વગેરે તીર્થો : ગંગાજી, યમુનાજી, સરસ્વતી, નર્મદા, કાવેરી, સાબરમતી, તાપી વગેરે નદીઓના જળ : માનસરોવર, નારાયણ સરોવર, હમિર સરોવર, ગોમતી તળાવ, સહસ્ત્રધરો વગેરે સરોવરોના જળ : વડતાલ, ગઢડા, જૂનાગઢ, કચ્છ, અમદાવાદ વગેરે ગુજરાતના પ્રસિદ્ધ તીર્થોના જળ કે જ્યાં સ્વયં શ્રીજી મહારાજે કૂવા, નદી, તળાવમાં સ્નાન કર્યું હોય ત્યાના જળનો સમાવેષ થયો હતો. પૂજ્ય રામપ્રિયજી વગેરે આચાર્યશ્રીઓ વૈદિક મંત્રોચ્ચાર સાથે વિધિ કરવતા અને સંતો વિવિધ ઉપચાર સાથે અભિષેક કરતા હતા ત્યારે શ્રી ઘનશ્યામ મહારાજ જાણે અમૃત વરસાવતા હોય એવો ભાસ થતો હતો. આ અલૌકિક અભિષેકનાં દર્શન સહુના અંતરમાં સદાયને માટે કોતરાઈ ગયા.

અન્નકૂટ : શ્રી ઘનશ્યામ મહારાજનો પચીસમો પાટોત્સવ હોવાથી સંતો ભક્તોએ સાથે મળી પચીસો કિલો મિષ્ટાન્ન તથા ફરસાણ તૈયાર કર્યા હતાં. અમદાવાદમાં નિવાસ કરતા ચારસો ઉપરાંત પરિવારોના બહેનો ઘરેથી વિવિધ પકવાનો તૈયાર કરીને લઈ આવ્યાં હતાં. આ તમામ વાનગીઓને મહોત્સવના લોગોમાં ગોઠવી વિશાળ અન્નકૂટની સજાવટ કરવામાં આવી હતી. આટલા મોટા પાયે સજાવેલા ભવ્ય અને દિવ્ય અન્નકૂટનાં દર્શન કરીને સદ્‌ગુરુ સંતોએ સેવક સંતો ભક્તો ઉપર પસન્નતા વરસાવી હતી. આ વિશાળ અન્નકૂટના પ્રસાદને સ્વયંસેવકોએ અનાથાશ્રમ, વૃદ્ધાશ્રમ તથા દરિદ્રનારાયણ સુધી પહોંચાડ્યો હતો.

આ ઉપરાંત શિયાળાની કડકડતી ઠંડીમાં દરિદ્રનારાયણની સેવા સ્વરૂપે સંતો ભક્તોના હસ્તે

૨૫૦૦ ઉપરાંત બ્લેન્કેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

વચનામૃત મહાપૂજન : ભગવાન શ્રી સ્વામિનારાયણની પરાવાણી સ્વરૂપ 'વચનામૃત' ગ્રંથના બસો વર્ષ પૂર્ણ થઈ રહ્યા હતા ત્યારે મહોત્સવના પ્રારંભે ગ્રંથ પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રંથરાજ વચનામૃતને પાલખીમાં પધરાવી સંતો વાજતેગાજતે પાલખી સભાસ્થળે લઈ આવ્યા હતા. અહીં સદ્‌ગુરુ સંતોએ વૈદિક મંત્રોચ્ચાર સાથે ગ્રંથરાજનું પંચોપચાર પૂજન કરી પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

ધર્મજીવન ભુવન લે-આઉટ અનાવરણ : ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની દેખરેખ નીચે તૈયાર થયેલ અમદાવાદ ગુરુકુલના ભવનો હાલમાં ખૂબ જીર્ણ થયા છે. ત્યારે આ ભવનોની જગ્યાએ નૂતન 'ધર્મજીવન ભુવન'ના નિર્માણનો પ્રકલ્પ સદ્‌ગુરુ સંતોએ જાહેર કર્યો હતો. હાલ જ્યા સંતો-વિદ્યાર્થીઓનું ભોજનાલય, વિદ્યાલય, કાર્યાલય વગેરે કાર્યરત છે એ જૂના ભવનની જગ્યાએ સાત માળનું વિશાળ ભૂવન તૈયાર થશે. ઉપરાંત ઠાકોરજીના થાળ તથા સંત-ભોજનાલયના મકાનનું પણ નિર્માણ કરવામાં આવશે. આ નૂતન ભવનનું લે-આઉટનું સદ્‌ગુરુ સંતોના હસ્તે અનાવરણ કરવામાં આવ્યું હતું.

વચનામૃત વ્યાખ્યાનમાળા : ત્રિદિવસીય મહોત્સવમાં દરરોજ સાંજે ૬:૩૦થી ૮:૩૦ દરમિયાન પરમ પૂજ્ય ગુરુવર્ય માધવપ્રિયદાસજી સ્વામીએ સારંપુરના ૧૭મા વચનામૃતના આધારે 'ઉપાસનું અમૃત'વિષય ઉપર ખૂબ જ મનનીય અને પ્રેરણાત્મક વ્યાખ્યાનો કર્યા હતાં. સાથે સાથે પરમ પૂજ્ય પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ કથાવાર્તા દ્વારા ભક્તજનોને પ્રેરણા પૂરી પાડી હતી.

આમ અનેકવિધ આયોજનો સાથે ઉજવાયેલ મહોત્સની તારીખ ૨૦ ડિસેમ્બરના રોજ ભગવાન શ્રીહરિ, પોથીજી, વક્તાશ્રી તથા સંતોના પૂજન સાથે પૂર્ણાહૂતિ થઈ હતી.



ઉપાસનાનું અમૃત...

વચનામૃત વ્યાખ્યાનમાળા અંતર્ગત પરમ પૂજ્ય ગુરુવર્ય સ્વામીજીએ ઉપાસના વિષયને આધારે કરેલા વ્યાખ્યામાંથી તારવેલા મોતી...

- આસનની સાથે 'ઉપ' ઉપસર્ગ લાગવાથી ઉપાસના શબ્દ બન્યો છે. ઉપાસના એટલે આસન પાસે જઈને બેસવું. એકરસ, એકરૂપ થઈને શ્રીહરિની નજીક બેસવું. સંકલ્પ-વિકલ્પના તમામ પડદાઓ હટાવીને શ્રીહરિના ચરણોમાં સંપૂર્ણ સમર્પિત થવું.

- વેદ, ઉપનિષદો તથા વચનામૃત કહે છે : જેમની તમે પૂજા-પ્રાર્થના કરો છો એને જાણવા જરૂરી છે. એ કોણ છે ? તેવા છે ? વગેરેનું જ્ઞાન મેળવવું તે ઉપાસના.

- નિષ્ઠારૂપી આસન ઈષ્ટદેવની સમીપ કરવું તે ઉપાસના.

- શ્રીહરિ એક જ કર્તા-હર્તા-ભર્તા છે તે દૃઢતા પૂર્વક સમજી રાખવું તે ઉપાસના.

- મસ્તક કપાય તો જીવાય નહીં એ જ રીતે ઉપાસના વિના સાધકનું જીવન શક્ય નથી, સાધના માર્ગ ઉજ્જવળ થતો નથી, સાધના પૂર્ણ થતી નથી, ફળ મળતું નથી.

- ધનુષ્ય ઉપર તીર ચઢાવતા પહેલા લક્ષ્ય નક્કી કરવું પડે છે, એમ શ્રીહરિ તથા સંતોએ આપણને મૂર્તિ રૂપી લક્ષ્ય આપ્યું છે અને વૃત્તિ રૂપી તીર દ્વારા એ મૂર્તિને સિદ્ધ કરવાની છે.

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, સત્સંગ, શરણાગતિ અને ઉપાસના - આ સાત સાધન ભક્ત માટે અતિ આવશ્યક છે.

ઉપાસના સરિતા જેવી છે. સરિતા સાગરમાં સમાય ત્યારે સાર્થક બને છે. એ જ રીતે ઉપાસના શ્રીહરિના ચરણોમાં સમાહિત થાય ત્યારે શ્રીહરિની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.

- જે ચરણોમાં સર્વ તીર્થોનો વાસ છે, જેમના ચરણરજથી તીર્થોના સર્જન થાય છે, જે ચરણરજને પ્રાપ્ત કરવા ભવ બ્રહ્માદિક દેવતાઓ હંમેશાં પ્રયત્નશીલ રહે છે, શેષ સહસ્ર મુખે ગાન કરે છે એ ચરણ આપણને ખૂબ સહજતાથી પ્રાપ્ત થયા છે. માટે ભગવાન શ્રીસ્વામિનારાયણની ઉપાસના કરવામાં કચાશ ન રાખવી.

ઉપાસનાની પ્રાપ્તિ ચર્ચા કરવાથી, જ્ઞાનની આંટી ઘૂંટીમાં ગુંચવાવાથી, વાણી વિલાસ કરવાથી નથી થતી. ઉપાસનાની પ્રાપ્તિ ભગવાન શ્રીહરિનાં ભજનથી જ થાય છે, માટે ખોટા આળપંપાળ છોડી ભજનમાં રત રહેવું.

બૃહસ્પતિ જેવા બુદ્ધિશાળીઓ પણ ભગવાનને ઓળખવા ગોથા ખાઈ ગયા હતા, માટે જેમ જેમ ભજન વધતું જશે એમ એમ ભગવાનની ઓળખાણ થતી જશે.

- સર્વોપરી ઉપાસનામાં સર્વનો સ્વીકાર છે, કોઈનો ત્યાગ નથી. જ્યાં ત્યાગ છે ત્યાં ઉપાસના ખંડિત થાય છે.

- ભગવાનને વિશે અતિ દૃઢ સાકારપણાની નિષ્ઠા, સર્વના કારણ, સર્વકર્તા, સર્વ ધામના ધામી, સર્વના ઉપરી શ્રીહરિને સમજવા એ જ ખરી ઉપાસના.

- ભગવાન શ્રી સ્વામિનારાયણનું અખંડ ભજન, મૂર્તિનું અખંડ અનુસંધાન અને સત્પુરુષનો સંગ- આ ત્રણ સાધને કરીને જ મચ્છર જેવો જીવ ગરુડગતિને પામે છે, ખદ્યોત જેવો જીવ સૂર્ય જેવો થાય છે.

શ્રદ્ધાસુમન

અ.નિ. પરમ પૂજ્ય વિષ્ણુપ્રસાદદાસજી સ્વામી :- ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના કૃપાપાત્ર શિષ્ય પરમ પૂજ્ય વિષ્ણુપ્રસાદદાસજી સ્વામી ૨૨ નવેમ્બરના રોજ ૭૨ વર્ષની ઉમરે અક્ષરવાસી થયા છે. વિષ્ણુ સ્વામી ભલા, ભોળા અને સેવક સંત હતા. પૂજ્ય જોગી સ્વામીની વર્ષો સુધી અંગત સેવા કરીને ખૂબ રાજીપો મેળવ્યો હતો. એકરહેણીપણું અને મૌન ભાવે સેવા કરતા રહેવું એ પૂજ્ય સ્વામીની વિશિષ્ટતા હતા. વર્ષો સુધી ગુરુકુલમાં રહ્યા અને ત્યાર પછી રાજકોટ બોરડીવાળા મંદિરે રહી છેલ્લી અવસ્થા સુધી દેવની ખૂબ સેવા કરી. પૂર્ણપુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રીહરિ પૂજ્ય વિષ્ણુપ્રસાદદાસજી સ્વામીને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સ્વામીની સેવા કરનારા સંતો પૂજ્ય વિવેકસાગર સ્વામી વગેરે ઉપર શ્રીહરિની પ્રસન્નતા વર્ષે એ જ પ્રાર્થના.

માનનીય પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલ :- ગુજરાત રાજ્યના ભિષ્મ પિતામહ, લાખો ધરતીપુત્રોના મસિહા, ગોકુલ ગ્રામ યોજનાના પ્રણેતા એવા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલના સ્વર્ગસ્થ આત્માને ભાવવંદના સાથે શ્રદ્ધાંજલિ.

કેશુબાપા ઘેઘૂર વડલો હતા. એમની છત્રછાયામાં અનેક લોકોએ શાતા અનુભવી હતી. એમનું સ્થૈર્ય અને ધૈર્ય પર્વત જેવું હતું. તેઓ અખૂટ શ્રદ્ધા અને આત્મબળના કારણે કપરા સમયના વાવાઝોડાઓ સામે ક્યારેય ડગ્યા નહોતા. કેશુબાપાના જીવનમાં સત્તા મહત્ત્વની ન હતી, લોકસેવા મહત્ત્વની હતી. તેઓ સત્તા ઉપર હોય કે ન હોય, એમણે સદૈવ લોકહૃદયમાં શાસન કર્યું હતું. પોતાની આગવી કોઠાસૂઝ દ્વારા એમણે ગુજરાતની ધરતીની તરસ છીપાવી, નર્મદાના નીર ઘરે ઘરે પહોંચાડ્યા. ગોકુળ ગ્રામ યોજના દ્વારા ગામડાઓના રૂપ-રંગ બદલી નાંખ્યા. જળસંચયની યોજના દ્વારા ખેડૂતોને આત્મનિર્ભર કર્યા. આવા તો અનેક આયોજનો, યોજનાઓ દ્વારા ગુજરાતના આ પનોતા પુત્રે ગુજરાતની ધરતી અને પ્રજાની સેવા કરી આશીર્વાદ મેળવ્યા હતા. કેશુબાપા માત્ર રાજપુરુષ ન હતા, તેઓ ધર્મનિષ્ઠ પુરુષ પણ હતા. ધર્મ પ્રત્યેની એમની આસ્થા અખૂટ હતી.

પ્રાચીન ગુરુકુલ શિક્ષાપદ્ધતિના પુનરોદ્ધારક શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટના સંસ્થાપક શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી પ્રત્યે કેશુબાપાને ભારે પૂજ્યભાવ હતો. આ બન્ને મહાપુરુષો કોઠાસૂઝવાળા હતા. બન્નેના જીવન સીધાં, સાદાં અને સેવામય હતાં. પરિણામે બન્ને વચ્ચે અત્યંત પ્રેમ અને લાગણી હતા. સ્વામીના સદ્‌વિદ્યા પ્રવર્તનના કાર્યને વેગ આપવા માટે એમણે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગરના નિર્માણમાં ખૂબ સારો સહકાર આપ્યો હતો. ઉપરાંત શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP)ના વિકાસમાં પણ એમનું યોગદાન સુવર્ણ અક્ષરે લખાયેલું છે.

ભગવાન શ્રીહરિ કેશુબાપાના પવિત્ર આત્માને સાશ્વત સુખ અર્પે તથા એમના સમગ્ર પરિવારને પિતાશ્રીના પગલે પગલે ચાલવાનું બળ અર્પે એવી સમસ્ત SGVP ગુરુકુલ પરિવાર પ્રાર્થના કરે છે.

અ.નિ. પ.ભ. શ્રી દિનેશભાઈ અભેચંદભાઈ ગાંધી : મુંબઈ નિવાસી તથા સદ્‌ગુરુ સંતોનો કૃપાપાત્ર પરિવારના દિનેશભાઈ ગાંધી ૧૧ નવેમ્બરના રોજ ૭૫ વર્ષની ઉમરે અક્ષરવાસી થયા છે આ પરિવાર સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીનો અત્યંત કૃપાપાત્ર રહ્યો છે. મુક્તાત્મા અભેચંદભાઈએ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના અંતેવાસી રહી ખૂબ પસન્નતા પ્રાપ્ત કરી હતી. અક્ષરધામના મુક્તના જેવી સ્થિતિ ધરાવતા અભેચંદભાઈના સુપુત્ર દિનેશભાઈએ પિતાશ્રીનો સત્સંગ વારસો જાળવી રાખ્યો હતો ગુરુદેવ તથા ગુરુકુલની સેવામાં ક્યારેય એમણે પાછી પાની કરી ન હતી. એક નિષ્ઠા, શ્રદ્ધા, ભક્તિ દિનેશભાઈના આભૂષણો હતા. ભગવાન શ્રીહરિ દિનેશભાઈને પોતાના ચરણોનું સુખ આપે તથા સુપુત્ર હેમલ તથા ભાઈઓ વિક્રમભાઈ, રાજુભાઈ વગેરે સમસ્ત ગાંધી પરિવારને ધીરજ અર્પે તથા સત્સંગ-સેવા કરવાનું બળ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી નારાયણભાઈ વાલજીભાઈ પટેલ : ગામ નેત્રા, હાલ નડિયાદ નિવાસી તથા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તથા સદ્‌ગુરુ સંતોનો પરમ કૃપાપાત્ર નારાયણભાઈ પટેલ ૧૧ ડિસેમ્બરના રોજ ૮૨ વર્ષની ઉમરે અક્ષરવાસી થયા છે. નારાયણભાઈનું જીવન ભક્તિ અને સેવાની સુંગધથી મહેકતું હતું. ગુરુકુલના નિર્માણમાં નારાયણની ભાઈની સેવા અજોડ રહી છે. સમજદારી અને નિષ્ઠાથી ભરેલા જીવનથી નારાયણભાઈએ સારાએ સત્સંગનો રાજીપો મેળવ્યો હતો. એમના છેલ્લી અવસ્થા સુધી સંતોને સંભાર્યા હતા. થોડા દિવસો પહેલા જ છારોડી ગુરુકુલ આવી સંતોના દર્શન કરી ભાવવિભોર થયા હતા. ભગવાન શ્રીહરિ અને સંતો પ્રત્યે સેવા-સમર્પણ અને નિષ્ઠાથી ભરેલા નારાયણભાઈના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાના ચરણોનું સાંનિધ્ય અર્પે તથા દેવજીભાઈ, રતિભાઈ, સુપુત્ર દિલીપ તથા સમસ્ત પરિવારને ધીરજ અર્પે તથા સત્સંગ-સેવા કરવાનું બળ અર્પે એવી પ્રાર્થના.



અ.નિ. પ.ભ. લવજીભાઈ તુલસીભાઈ પટેલ :- અમદાવાદ નિવાસી પ.ભ. શ્રી લવજીભાઈ પટેલ તા. ૨૫ નવેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર 'વિમલ' પરિવાર તરીકે પ્રસિદ્ધ છે. અમદાવાદ ગુરુકુલના નિર્માણમાં પાયાના પત્થર તરીકે રહી આ પરિવારે ગુરુદેવ તથા સંતોનો ખૂબ રાજીપો મેળવ્યો છે. આજે પણ આ પરિવાર ગુરુકુલ તથા સંતો વિષે અનન્ય નિષ્ઠા ધરાવે છે અને ખૂબ સેવાઓ કરે છે. નિત્ય દર્શન, સેવા, ભજન લવજીભાઈનું અંગ હતું. સંતો સાથે અપાર હેત ધરાવનારા એકાંતિક ભક્ત લવજીભાઈને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર વિમલભાઈ, ભાઈઓ અમૃતભાઈ, પુરુષોત્તમભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી ભીમજીભાઈ દેવરાજભાઈ ગોંડલિયા :- ગામ માવજીંજવા હાલ સુરત નિવાસી ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા સન્નિષ્ઠ સેવક ભીમજીભાઈ ૭ નવેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. સદ્‌ગુરુ સંતો પ્રત્યે અપાર હેત ધરાવનારા ભીમજીભાઈએ ગુરુકુલમાં ખૂબ સેવાઓ કરી છે આ પરિવાર પણ ખૂબ સારો સત્સંગ રાખે છે. ભગવાન શ્રીહરિ ભીમજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર મહેશભાઈ, ઘનશ્યામભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી નવિનચંદ્ર પ્રભાશંકર જોષી :- ગામ વિસતપુરા, હાલ રાજકોટ નિવાસી પ.ભ. શ્રી નવિનચંદ્રભાઈ જોષી ૨૭ ઓક્ટોબરના રોજ હરિસ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. નવિનચંદ્રભાઈ તથા એમનો પરિવાર ભગવાન શ્રીહરિ તથા સંતોમાં અપાર હેત ધરાવે છે. ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા રાજકોટ ગુરુકુલમાં શિક્ષકની સેવા બજાવનારા નવિનચંદ્રભાઈએ ગુરુદેવ તથા સંતોનો ખૂબ રાજીપો મેળવ્યો હતો. નવિનચંદ્રભાઈના પવિત્ર આત્માને ભગવાન પોતાના સાંનિધ્યનું અચળ સુખ અર્પે તથા સુપુત્રો જયેશભાઈ, મનીષભાઈ વગેરે સર્વ પરિવારને શ્રીહરિ ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ. ભ. શ્રી રસિકભાઈ જીવરાજભાઈ નાકરાણી :- ગામ દયાપર હાલ હૂબલી નિવાસી તથા ગુરુકુલ સાથે ખૂબ અનન્યભાવથી જોડાયેલા પરિવારના રસિકભાઈ નાકરાણી ૨૮ સપ્ટેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન તથા સંતોમાં અતિ આત્મબુદ્ધિ ધરાવતા રસિકભાઈનું જીવન ભજનપરાયણ હતું. ભગવાન શ્રીહરિ રસિકભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રો વિજયભાઈ, હિતેશભાઈ પ્રતાપભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી મેઘજીભાઈ કાળુભાઈ વિઠાણી :- અમદવાદા નિવાસી પ.ભ. શ્રી મેઘજીભાઈ વિઠાણી ૨૫ નવેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. મેઘજીભાઈ નારાયણમામાના ખૂબ કૃપાપાત્ર હતા. મામાની રુચિમા રહી ખૂબ સારો સત્સંગ રાખ્યો હતો અને મહારાજની મૂર્તિને સિદ્ધ કરી હતી. ગુરુકુલ તથા સંતો સાથે એમને ખૂબ આત્મીયતા હતી. ભગવાન શ્રીહરિ મેઘજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા નરસીભાઈ, સુપુત્ર ચિરાગ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી હિરજીભાઈ રામજીભાઈ હાલાઈ :- ગામ સુરજપુર, હાલ નાઈરોબી નિવાસી તથા ગુરુકુલના ખૂબ જ સન્નિષ્ઠ સેવક હરજીભાઈ ૩૦ ઓક્ટોબરના રોજ હરિસ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. આ પરિવાર વર્ષોથી ગુરુકુલ તથા સંતો સાથે જોડાયેલો છે તથા ખૂબ સેવાઓ કરે છે. ભગવાન શ્રીહરિ હરજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા રાજેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી બળદેવભાઈ વાલજીભાઈ પટેલ :- ગુરુકુલ સાથે જોડાયેલા પ.ભ. શ્રી બળદેવભાઈ પટેલ ૨૨ નવેમ્બરના

રોજ હરિસ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે અને સેવા કરી રહ્યો છે. ભગવાન શ્રીહરિ બળદેવભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર તેજસભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી વાલજીભાઈ ગોવિંદભાઈ બારેવડિયા :- રાજકોટ નિવાસી તથા ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી વાલજીભાઈ બારેવડિયા ૨૭ નવેમ્બરના રોજ હરિસ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. વાલજીભાઈ ખૂબ સન્નિષ્ઠ સેવક હતા. વર્ષોથી ગુરુકુલ તથા સંતો સાથે તન-મન-ધનથી સમર્પિત હતા. છેલ્લા શ્વાસ સુધી તેઓ સંતો અને ભગવાને યાદ કરતા રહ્યા. ભગવાન શ્રીહરિ વાલજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર હિંમાશુભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી શિવજીભાઈ હરજીભાઈ ભુડિયા :- ગામ ફોટડી નિવાસી પ.ભ. શ્રી શિવજીભાઈ ભુડિયા ૧૨ ડિસેમ્બરના રોજ હરિસ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. શિવજીભાઈ વર્ષોથી ગુરુકુલ તથા સંતો સાથે જોડાયેલા હતા. ગુરુકુલમાં એમની સેવાઓ ખૂબ રહી છે. ભગવાન શ્રીહરિ શિવજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રો પ્રવિણભાઈ, અરવિંદભાઈ, કાંતિભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી અશોકભાઈ રામજીભાઈ જેસાણી :- ગામ બળદિયા, હાલ પર્થ-ઑસ્ટ્રેલિયા નિવાસી શ્રી અશોકભાઈ જેસાણી ખૂબ જ નાની ઉંમરે ૧૭ ડિસેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. અશોકભાઈ પર્થ ખાતે ચાલતા સત્સંગ મંડળના આગેવાન કાર્યકર્તા હતા. સંતો તથા ગુરુકુલ પ્રત્યે એમને ખૂબ શ્રદ્ધા હતી. એમનું સમર્પણ અને સેવા જોઈ સંતો એમના ઉપર ખૂબ રાજી હતા. ભગવાન શ્રીહરિ અશોકભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સાંનિધ્ય અર્પે તથા નાના બાળકો નીર, લીસા તથા તેમના ધર્મપત્ની પ્રેમીલાબેન વગેરે સર્વ પરિવારજનોને કપરો આઘાત સહેવાની ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી ભનુભાઈ નનુભાઈ વેકરિયા :- ગામ રૂગનાથપુર નિવાસી શ્રી ભનુભાઈ ૭ નવેમ્બરના રોજ હરિસ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. આ પરિવાર વર્ષોથી ગુરુકુલ તથા સંતો સાથે જોડાયેલો છે તથા ખૂબ સેવાઓ કરે છે. ભગવાન શ્રીહરિ ભનુભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી નનુભાઈ દેવજીભાઈ વેકરિયા :- ગામ રૂગનાથપુર નિવાસી શ્રી નનુભાઈ ૧૩ ડિસેમ્બરના રોજ હરિસ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ નનુભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા બાબુભાઈ, વિનુભાઈ, જયંતીભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી હરજીભાઈ દેવજીભાઈ પટેલ :- કંપાલા-યુગાન્ડા નિવાસી શ્રી હરજીભાઈ ૧૩ ડિસેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. ગુરુકુલ પ્રત્યે તથા સંતોમાં અપાર હેત ધરાવનારા હરજીભાઈને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર જયેશભાઈ, સુપુત્રીઓ જયશ્રીબેન, નીશાબેન વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી બાબુલાલ કેશવલાલ પરસાણા :- ગુરુકુલના ખૂબ જ સન્નિષ્ઠ સેવક શ્રી બાબુલાલભાઈ ૧૯ ઓક્ટોબરના રોજ હરિસ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. આ પરિવાર વર્ષોથી ગુરુકુલ તથા સંતો સાથે જોડાયેલો છે તથા ખૂબ સેવાઓ કરે છે. ભગવાન શ્રીહરિ બાબુલાલભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા હરેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી કાંતિભાઈ હરજીભાઈ પટેલ :- ગામ ધરમપુર નિવાસી શ્રી કાંતિભાઈ ૩ ડિસેમ્બરના રોજ હરિસ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ કાંતિભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર ધર્મકુમાર, અમૃતભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી પ્રફુલભાઈ ચતુરભાઈ પટેલ :- અમદાવાદ નિવાસી પ.ભ. શ્રી પ્રફુલભાઈ પટેલ ૩૧ ઓક્ટોબરના રોજ હરિસ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. ગુરુકુલમાં નિત્ય દર્શન, સેવા અને કથાવાર્તાની રૂચિ ધરાવનારા પ્રફુલભાઈના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી શિવાભાઈ કાળાભાઈ કુંજડિયા :- ગુરુકુલ સાથે વર્ષોથી જોડાયેલા પ.ભ. શ્રી શિવાભાઈ કુંજડિયા ૧૫ ડિસેમ્બરના રોજ હરિસ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. સંતો તથા શ્રીહરિને વિશે હેત ધરાવનારા શિવાભાઈને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સંદીપભાઈ, રાહુલભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી કેતનભાઈ મફતભાઈ પટેલ :- ફ્લોરેન્સ-અમેરિકા નિવાસી શ્રી કેતનભાઈ હરિસ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. સવાનાહ ગુરુકુલમાં નિત્ય સેવા કરનારા વિજયકુમાર પટેલના જમાઈ કેતનભાઈના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી પ્રેમિલાબેન માવજીભાઈ પટેલ :- ગામ નેત્રા, હાલ અમદાવાદ નિવાસી ભક્તરાજ માવજીબાપાના ધર્મપત્ની પ્રેમીલાબેન પટેલ હરિસ્મરણ કરતા થકા ૩૦ નવેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. માવજીબાપા અને એમનો સમગ્ર પરિવાર ભગવાન શ્રીહરિ, સંતો તથા સંસ્થાને સમર્પિત પરિવાર છે. ગુરુકુલના સેવાકાર્યોમાં આ પરિવારનું સમર્પણ અમૂલ્ય છે. પ્રેમિલાબેન ખૂબ સારા ભક્ત હતા. સ્વયં શ્રીહરિ એમને તેડવા પધાર્યા છે એવી બધાને અનુભૂતિ કરાવ્યા પછી તેઓએ શરીર છોડ્યું હતું. ભગવાન શ્રીહરિ પ્રેમિલાબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા માવજીબાપા, સુપુત્રો કરશનભાઈ, ગોપાલભાઈ, રામજીભાઈ, મોહનભાઈ, હસમુખભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી જીવીબેન હરિભાઈ શેલડિયા :- ગામ મોટા સમઢિયાળા નિવાસી જીવીબેન ૨૯ નવેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે અને સંતો-સંસ્થા સાથે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ જીવીબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા નાથુભાઈ, બટુકભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી મંગુબેન દેવશંકરભાઈ પંડ્યા :- વડાલી નિવાસી તથા ભૂ.પૂ. ઋષિકુમાર વિવેક પંડ્યાના દાદી શ્રી મંગુબેન ૪ ડિસેમ્બરના રોજ ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ મંગુબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રો ગીરિશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી લલિતાબેન રમણીકભાઈ ચાવડા :- અમદાવાદ તથા ગુરુકુલના વિદ્યાર્થી તથા સંનિષ્ઠ સેવક મનિષભાઈ ચાવડાના માતુશ્રી લલિતાબેન ૨ નવેમ્બરના રોજ ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ લલિતાબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા રમણિકભાઈ, સુપુત્રો મનિષભાઈ, મુકેશભાઈ, દિનેશભાઈ, જયેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના..

અ.નિ. શ્રી વાલબાઈ કાનજીભાઈ હિરાણી :- માનકૂવા નિવાસી ભક્ત પરિવારના માતુશ્રી વાલબાઈ હિરાણી ૯૦ વર્ષની ઉંમરે ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ વાલબાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રીઓ રક્ષાબેન, વિજયાબેન, શોભનાબેન વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઇ

છારોડી ગુરુકુલ

અ.નિ. શ્રી લાલજીભાઈડાયાભાઈ કળથિયા
હ. બટુકભાઈ કળથિયા, ભાવનગર
અ.નિ. શ્રી સંજનાબેન ભરતભાઈ પટેલ, સુરેન્દ્રનગર
પ.ભ. શ્રી તીર્થ હિતેશભાઈ કાથરોટિયા, મોતીસર
પ.ભ. શ્રી નિરજભાઈ કે. ત્રીવેદી, વીનીપીગ-કેનેડા
પ.ભ. શ્રી ચિંતનભાઈ દવે, કેનેડા
પ.ભ. શ્રી રાકેશભાઈ ચૌધરી, કેનેડા
પ.ભ. શ્રી લાલજીભાઈ મેઘાણી, અમદાવાદ
પ.ભ. શ્રી કરશનભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી જયેશકુમાર દ્વારકાદાસ શેઠ, મુંબઈ
પ.ભ. શ્રી પ્રકાશભાઈ કામલિયા, રાંચી
પ.ભ. શ્રી દેવેન્દ્ર વિઠ્ઠલાપરા, ધરમપુર
પ.ભ. શ્રી પ્રેમચંદભાઈ વીરજીભાઈ પટેલ, SGVP
પ.ભ. શ્રી પિયુશભાઈ સાવલિયા, સીડની-ઓસ્ટ્રેલિયા
પ.ભ. શ્રી ભગીરથભાઈ ત્રીવેદી, અમદાવાદ
પ.ભ. શ્રી હસમુખભાઈ જે. પટેલ, કરજણ
પ.ભ. શ્રી હેમલ પટેલ
પ.ભ. શ્રી દિપકભાઈ હસમુખભાઈ પટેલ, કરજણ
પ.ભ. શ્રી દેવચંદભાઈ ગજેરા, અમદાવાદ
પ.ભ. શ્રી દામજીભાઈ લાલજીભાઈ પોકાર, વિસનગર

આગામી આયોજન

તા. ૦૯/૦૧/૨૧, શનિવાર : **સફલા એકાદશી, 'સ્વામિનારાયણ' મહામંત્ર પ્રાગટ્ય દિન**
તા. ૧૪/૦૧/૨૧, ગુરુવાર : **મકરસંક્રાતિ, ધનુર્માસ સમાપ્ત**
તા. ૨૨/૦૧/૨૧, શુક્રવાર : **શ્રીહરી જયંતી**
તા. ૨૪/૦૧/૨૧, રવિવાર : **પુત્રદા એકાદશી**
તા. ૨૮/૦૧/૨૧, ગુરુવાર : **પુનમ, માઘસ્નાન પ્રારંભ**

રજત જયંતી મહોત્સવ પ્રસંગે ૧૨૫ ઉપરાંત તીર્થોના જળ દ્વારા શ્રી ઘનશ્યામ મહારાજના અભિષેકનાં દિવ્ય દર્શન

જળયાત્રાનું સ્વાગત-પૂજન કરતા સંતો

ગ્રંથરાજ વચનામૃતની પાલખીયાત્રા

નૂતન નિર્માણાધિન ધર્મજીવન ભવનના લે-આઉટનું અનાવરણ તથા મહોત્સવ પ્રસંગે દરિદ્રનારાયણને બ્લેન્કેટનું વિતરણ કરતા સંતો

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2019-2021
Valid Upto 31-12-2021 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/HQ/92/2019-2021 valid upto 31-12-2021. Date of Publication is 25th of every month.

રજત જયંતી મહોત્સવ

અમદાવાદ ગુરુકુલને આંગણે યોજાયેલ રજત જયંતી મહોત્સવ પ્રસંગે નિર્માણ પામેલ
દાદા ખાચરના દરબારગઢમાં વિરાજમાન શ્રીજી મહારાજ તથા સદ્‌ગુરુ સંતો.
વચનામૃત ગ્રંથનું પૂજન તથા વચનામૃત વ્યાખ્યાનમાળાનો લાભ આપતા સદ્‌ગુરુઓ.

રજત જયંતી મહોત્સવ પ્રસંગે શ્રી ઘનશ્યામ મહારાજને ધરાવવામાં આવેલ ભવ્ય અન્નકૂટનાં દર્શન

If undelivered Please Return to:

Shree Swaminarayan Gurukul

Gurukul Road, Memnagar,

Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat

છૂટક અંક રૂા. ૫/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-